# ફેકસ સંદેશો

**પ્રતિ** : તમામ પોલીસ કમિશનરશ્રીઓ.
તમામ જીલ્લાઓના પોલીસ અધીક્ષકશ્રીઓ.

**પ્રેષક** : પોલીસ ગાંધીનગર.

**ક્રમાંક** : જી-૧ (કા.વ્ય.)/ટે.૧/પીએસએ/એનઓસી/ ૮૦૬ /૨૦૧૬ તા. ૧૫/૩/૨૦૧૬

**વિગત** :

પ્રાઈવેટ સીકયુરિટી એજન્સીઝ (રેગ્યુલેશન) એકટ, ૨૦૦૫ની કલમ-(૨)(જી)ની વિગતે, સદરહુ અધિનિયમ હેઠળ લાયસન્સ ધરાવતી પ્રાઈવેટ સીકયુરિટી એજન્સી તરફથી પ્રાઈવેટ સીકયુરિટી ગાર્ડ અને સુપરવાઈઝરોને તાલીમ આપવાની કામગીરી પણ હાથ ધરી શકાય છે. ગુજરાત પ્રાઈવેટ સીકયુરિટી એજન્સીઝ નિયમો, ૨૦૦૭ તળે નિર્દિષ્ટ થયેલ ફોર્મ-Vના મુદ્દા-૧૪માં તે અંગેની જોગવાઈ ઉપલબ્ધ છે કે અરજદાર પાસે તાલીમની સુવિધાઓ ઉપલબ્ધ હોય તો તેઓ પોતે પણ પોતાના પ્રાઈવેટ સીકયુરિટી ગાર્ડ/સુપરવાઈઝરોને તાલીમ આપી શકે છે. નિયમ-૫(૩) પ્રમાણે નિયત થયેલ તાલીમ પૂર્ણ કરનાર સીકયુરિટી ગાર્ડ/સુપરવાઈઝરને તેમને તાલીમ આપનાર તાલીમ સંસ્થા કે એકમે ફોર્મ-IVમાં પ્રમાણપત્ર આપવાનું રહે છે અને નિયમ-૫(૪) આધારે સક્ષમ સત્તાધિકારી લાયસન્સ ધારકના તાલીમ અંગેના વ્યવસ્થાતંત્ર/સાધન-સુવિધાઓનું નિરીક્ષણ અર્ધવાર્ષિક ધોરણે કરવાનું થાય છે. નિયમ-૫(૫) અન્વયે સંબંધિત એજન્સીએ તે તાલીમાર્થીઓની યાદી કંટ્રોલિંગ ઓથોરીટીને આપવાની રહે છે કે જેઓને તેઓએ તાલીમ આપીને ફોર્મ-IV મુજબનું પ્રમાણપત્ર એનાયત કરેલ હોય.

**૨/-** ઉપરોકત વિગતે, કોઈ પણ પ્રાઈવેટ સીકયુરિટી એજન્સી માટે તેમના સીકયુરિટી ગાર્ડ/સુપરવાઈઝરોને કોઈ ચોકકસ પ્રાઈવેટ સીકયુરિટી એજન્સી પાસેથી જ તાલીમ અપાવવાનો આગ્રહ અત્રેથી રાખવાને પાત્ર નથી. જેથી, અત્રેની કચેરીની **યાદી ક્રમાંક : જી-૧ (કા.×વ્ય)/ટે.૧/પીએસએ/એનઓસી/૩૩૮૫/૧૫, તા. ૨/૧૧/૨૦૧૫ આથી રદ કરવામાં આવે છે.**

**૩/-** અત્રેથી આપવામાં આવતા પી.એસ.એ. લાયસન્સના એનેક્ષર-૧માંની તાલીમ મેળવીને ફોર્મ-IV મુજબના પ્રમાણપત્ર ધરાવતા માણસોને જ લાયસન્સદાર ધ્વારા પ્રાઈવેટ સીકયુરિટી ગાર્ડ/સુપરવાઈઝર તરીકે રાખવામાં આવે, તે તેમજ લાયસન્સના એનેક્ષર-૨માંની અન્ય શરતો પરિપૂર્ણ કરવામાં આવી રહેલ હોવાની ખાતરી યોગ્ય સમયાંતરે કરતા/કરાવતા રહેવા જણાવવામાં આવે છે.

15/3/2016

**( તીર્થ રાજ )**
કંટ્રોલિંગ ઓથોરીટી અને
અધિક પોલીસ મહાનિદેશક
(કાયદો અને વ્યવસ્થા), ગુ.રા., ગાંધીનગર